# ડીસામાં ઔદિચ્ય પુરોહિત સમાજના ભવનનું ઉદ્‌ઘાટન

ડીસા, તા. ૨૪

ડીસા શહેરના ગાયત્રી મંદિર સામે ઔદિચ્ય પુરોહિત સમાજ દ્વારા તૈયાર કરવામાં આવેલ ખેતેશ્વર ભવનનું શુક્રવારે સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરમાં વિશાળ શોભાયાત્રા અને કળશયાત્રામાં પુરોહિત સમાજના ભાઈ-બહેનો જોડાયા હતાં.

શ્રી ઔદિચ્ય પુરોહિત સમાજ ડીસા દ્વારા શહેરના ગાયત્રી મંદિર સામે વિશાળ જગ્યામાં શ્રી ખેતેશ્વરભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેથી ખેતેશ્વર ભવન તૈયાર થતાં રાજસ્થાનના આસોદરા ધામ ગાદીપતિ તુલસારામજી મહારાજ તેમજ ગૌધામ પથમેડામાં ગૌઋષિ પ.પૂ. દત્તશરણાનંદજી મહારાજની ઉપસ્થિતિમાં ભવનને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જ્યારે શુક્રવારે તુલસારામજી મહારાજના સાનિધ્યમાં ખેતેશ્વરભવનથી શોભાયાત્રા અને કળશયાત્રાએ પ્રસ્થાન કરી ગાયત્રી મંદિર, જલારામ મંદિર, સરદાર બાગ, ફુવારા સર્કલ, સ્પોર્ટસ ક્લબ થઈ ખેતેશ્વરભવન ખાતે પરત ફરી હતી. રથયાત્રામાં પુરોહિત સમાજના ભાઈ-બહેનોએ પરંપરાગત વેશ ધારણ કરતાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. જ્યાં સંતો મહંતોએ પુરોહિત સમાજે ઉત્તારોત્તર પ્રગતિ કરે તેવા આશિર્વચન પાઠવ્યા હતા. મહોત્સવને સફળ બનાવવા માટે શ્રી ઔદિચ્ય પુરોહિત સમાજના પ્રમુખ હરેશ હીરાજી જોષી, અમરતલાલ મઢવી, હકમાજી જોષી, પદમાજી રાજગોર, ઉદાજી જોષી, ચમનલાલ ડીગારી, પ્રવિણ પુરોહિત સહિત સમાજના વડીલો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ખેડબ્રહ્મા બજાર સમિતિની ચૂંટણી યોજવામાં આવશે

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની મુદત પૂર્ણ થવાની સાથે જ ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતા તાલુકામાં ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. જેથી તાલુકામાં રાજકીય ગરમાવો આવી ગયો છે.

ખેડબ્રહ્મા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની મુદત પૂર્ણ થતા આગામી ૯ જુલાઈના રોજ સમિતિના સભ્યોની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ખેડબ્રહ્મા બજાર સમિતિમાં આઠ ખેડૂત, - ચાર વેપાર અને બે સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ માટે ચૂંટણી જંગ ખેલાશે. ઉમેદવારી ફોર્મ ભરવા માટે એક માત્ર ૨૫ જૂનનો દિવસ નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે ૨૬ જૂનના રોજ ફોર્મની ચકાસણી બાદ ૨૯ જૂનના રોજ ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે.

ખેડબ્રહ્મા બજાર સમિતિની ચૂંટણીને લઈ તાલુકામાં રાજકીય આગેવાનોની દોડધામ વધી ગઈ છે અને રાજકીય ગરમાવો આવી ગયો છે. હાલ તાલુકાના ટોચના આગેવાનો પેનલો બનાવવાની કામગીરીમાં વ્યસ્ત થઈ ગયા છે.

# ચિલોડા ગામે બહુચર માતાજીના મંદિરે મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા



ચિલોડા, તા. ૨૪

ગાંધીનગરના મોટા ચિલોડા ગામ ખાતે આવેલા સુપ્રસિદ્ધ બહુચર માતાજીના મંદિરમાં ગત રાત્રિએ તસ્કરોએ મંદિરનું તાળુ તોડી અંદર રહેલી દાનપેટીની ઉઠાંતરી કરી તેમાંથી રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હોવાનું જાણવા મળે છે. જો કે આ અંગે કોઈ પણ પ્રકારની ફરિયાદ થવા પામી નથી. પ્રાપ્ત વિગત મુજબ મોટા ચિલોડા ગામના તળાવ કાંઠે બહુચર માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરની જાળીનું તાળુ તોડી દરવાજા નજીક રહેલી મોટી દાનપેટીની ઉઠાંતરી કરી રાત્રે તસ્કરોએ રોકડ રકમની ચોરી કરી તળાવમાં દાનપેટી ફેંકી દઈ ત્યાંથી પલાયન થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે. આ ચોરી અંગે સવારે જાણ થતાં પુજારી અને મંદિરના સભ્યો દોડી આવ્યા હતા. અને પોલીસને માત્ર જાણ કરી હતી. ફરિયાદ કરવાનું મુનાસીફ માન્યું ન હતું.

# બાયોરિસોર્સીંગ ટ્રેનીંગ માટે હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલની વિદ્યાર્થિની પસંદગી પામી

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લા હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની વડાલીવાલા નુરાનીખાતુન અ. લતીફની બાયોરિસોર્સીંગ ટ્રેનીંગ માટે સાબરકાંઠા જિલ્લામાંથી ફક્ત એક વિદ્યાર્થિની તરીકે પસંદ કરવામાં આવી હતી. આ ટ્રેનીંગ અંતર્ગત દરેક જિલ્લામાંથી ટોપ વિદ્યાર્થી પસંદ કરી તેમણે સાયન્સ સીટી, અમદાવાદ ખાતે ૩૦ દિવસની તાલીમ આપવામાં આવી. નુરાનીખાતુનના જણાવ્યા અનુસાર આ તાલીમનો મુખ્ય વિષય જૈવવિવિધતા હતો. જેના દ્વારા સાયન્સની ઉંડાણપૂર્વકની મને માહિતી મળી. સાથે વૈજ્ઞાનિકો, પ્રોફેસર અને વિવિધ વિષયોના નિષ્ણાંત સાથે વાર્તાલાપ કરવાની તક મળી, અને ગુજરાતના ઘણા બાયોડીવેરસિટી સંબંધિત સ્થળોની મુલાકાત લીધી. આ તાલીમ દરમ્યાન ૨૩ લેકચર, ૪ લેબસેશન, ૯ ક્રિયાત્મક પ્રવૃત્તિ, ૧૭ ફિલ્ડવીઝીટમાં ભાગ લીધો. તથા વાઈલ્ડ લાઈફ પર પ્રોજેક્ટ બનાવેલો તથા આ જ વિદ્યાર્થીનીએ માર્ચ-૨૦૧૨ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવી ગૌરવ વધારેલ છે. સાથે તેના પિતા અ. લતીફ વડાલીવાલા, માતા મહેમુદાબેન વડાલીવાલા, અને મદ્રેસા હાઈ.ના પ્રિન્સિપાલ ઝહુરભાઈ મુતવલ્લી સાયન્સ સીટી ખાતે હાજર રહી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આમ આ રીતે આ વિદ્યાર્થીનીએ હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલનું ગૌરવ વધાર્યું છે.

# હિંમતનગરના પીપલોદી નજીકથી દેશીદારૂના ૧૨ થેલા સાથે છ મહિલા ઝડપાઈ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર તાલુકાના પીપલોદી ગામ નજીકથી તા. ૨૨ના રોજ બપોરે હિંમતનગર ટાઉનપોલીસે બાતમીના આધારે વોચ કરી છ મહિલાઓને દેશી દારૂ ભરેલા ૧૨ થેલા સાથે ઝડપી પાડી તેમના વિરૂદ્ધ હિંમતનગર પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર હિંમતનગર ટાઉન પોલીસમથકના પી.આઈ. જે. એમ. આલને મળેલ બાતમીના આધારે પી.આઈ. જે. એમ. આલે ડી સ્ટાફના સાંકાભાઈ દેસાઈ, ચંદુભાઈ વણઝારા, વિનોદભાઈ રાઠોડ, ચંદુભાઈ પરમાર, ઉપેન્દ્રસિંહ કુંપાવત સાથે સાબર ડેરી નજીક પીપલોદી ગામ નજીક વોચ કરી રહ્યા હતા. દરમ્યાન મોડાસાના જીવણપુરના છારાનગરમાં રહેતી છ મહિલાઓ ખભ્ભે દેશી દારૂની કોથળીઓ ભરેલા થેલા લઈ અમદાવાદ વેચાણ માટે લઈ જતી ભારતીબેન રાઠોડ, મુન્નીબેન છારા, વિજેતાબેન છારા, અંબિકાબેન છારા, જોનીકાબેન છારા અને જશોદાબેન છારાને પકડી પાડી હતી અને તેમની પાસેથી પકડાયેલા ૧૨ થેલામાંથી ૯૬ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૧૯૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તેમના વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લામાં વરસાદ પાછો ખેંચાતા વાવણી અને રોપણી પર એકાએક બ્રેક લાગી..!

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાનો વરસાદ ખેંચાતા ખેડૂતો ભારે ચિંતિત બન્યા છે અને થોડા દિવસો પહેલા પડેલા વરસાદ પછી ખેતરોમાં આરંભાયેલી વાવણી અને રોપણની કામગીરી પર એકાએક બ્રેક વાગી ગઈ છે.

મળતી માહિતી અનુસાર સામાન્ય રીતે ૧૫મી જૂન પછી ગુજરાત રાજ્યમાં ચોમાસાનો પ્રારંભ થતો હોય છે. પરંતુ રથયાત્રા ગયા પછી પણ અમી છાંટણા કે વરસાદ નહી પડતા ગરમીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આમ વરસાદ પાછો ખેંચાતા વાવણીનું પૂરજોશમાં આરંભાયેલું કામ હાલ રોકાણ ગયું છે. અને રોપણી કરેલ કપાસ, મગફળી, શાકભાજી અને ડાંગરના ધરૂને બચાવવા માંડ-માંડ પાણી અપાઈ રહ્યા છે.

# માલપુરના નવા ગામે એલસીબીના નામે ૨૭ હજારની લૂંટ

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકાના નવા ગામે સાત દિવસ પહેલા અમે એલસીબીના માણસો છીએ તેમ કહી રાત્રીના સમયે રોકડા રૂપીયા અને સોનાનું કડુ મળી ૨૭ હજારની લૂંટ કરી લઈ જતા માલપુર પોલીસ મથકે શનિવારની સાંજે ફરિયાદ નોંધાઈ હતી.

મળતી વિગત અનુસાર નવા ગામે રહેતા સોમાભાઈ દલાભાઈ ડામોરના ઘરે ૧૭મી જૂનને રવિવારેની રાત્રીના ૮.૩૦ વાગેના સુમારે તેમની પત્ની નાનીબેન ઘરે હતા. ત્યારે અચાનક મારૂતિકાર નં. જીજે૯એમએ-૯૩૧૨ માંથી ત્રણ માણસો ઉતરી ઘરે આવ્યા હતા અને કહેલ કે અમે એલસીબીના માણસો છીએ અને તમારા ઘરે દારૂની રેડ કરવાની છે તેમ કહી ઘરમાં ઘુસી કબાટમાં સરસામાન ફેંદી નાંખી અંદર મુકેલ રોકડા રૂ. ૧૨ હજાર અને સોનાનું કડુ નંગ ૧ રૂ. ૧૫ હજાર મળી કુલ ૨૭ હજારની મત્તા સોમાભાઈની પત્ની નાનીબહેનના હાથમાંથી ખેંચતાણ કરી લૂંટ કરી નાસી ગયા હતા. આ અંગે માલપુર પોલીસમથકે નાનીબેને શનિવારના રોજ સાંજે ફરીયાદ નોંધાવી હતી.

## ઈડરમાંથી ચોરીની મત્તા સાથે બે પકડાયા

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાંથી શનિવારના રોજ સાંજે ચોરી કરી સામાન ટેમ્પામાં લઈ જતા બે ઈસમોને ઈડર પોલીસે પકડી પાડી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વિગત મુજબ હિંમતનગરના અગીયોલ ગામના બીલાભાઈ મહેબુભાઈ મનસુરી અને હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ઉમિયા વિજય સોસાયટીમાં રહેતા વિજયભાઈ પુષ્કરભાઈ શાહ બંને જણાએ શનિવારની સાંજના સમયે પોતાના કબજાના ટેમ્પો લઈ આવી ઈડરમાં આવેલ મીર દરવાજા પાસે આવેલ બીએસએનએલના મોબાઈલ ટાવરના ઈન્સ્ટોલેસન ઓફીસના દરવાજાનું તાળુતોડી અંદર જઈ બેટરીના ૪૮ સેલ કિંમત રૂ. ૨૪ હજારની મત્તાની ચોરી કરી લઈ જતા પોલીસે પકડી પાડ્યા હતા.

## ભિલોડાના યુવાને ગળાફાંસો ખાધો

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ભિલોડામાં રહેતા શૈલેષકુમાર વિરજીભાઈ નીનામા (ઉં.વ. ૨૩)નાએ રવિવારના રોજ બપોરના સુમારે ઘરે કોઈ પણ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ જે ને તાત્કાલિક સારવાર માટે બપોરે ૧.૧૫ સમયે આવિષ્કાર હોસ્પિટલમાં દાખલ કરેલ જે બેભાન હાલતમાં સારવાર હેઠળ છે. હોસ્પિટલ દ્વારા હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# કીડીયાવાડા ગામે પુરવઠાતંત્રનો દરોડો : ૧૪ હજારથી વધુનો અનાજનો જથ્થો સીઝ કર્યો

સાબરકાંઠા, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગામે ગ્રુપ સેવા સહકારી મંડળીમાં શુક્રવારના રોજ સવારે પુરવઠા તંત્રે દરોડો પાડી ફેર પ્રાઈઝ શોપનો ૧૪ હજારથી વધુની કિંમતનો ઘઉં, ચોખા અને કેરોસીનનો જથ્થો સીઝ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ કોડીયાવાડાથી ભિલોડા તરફ ગુરૂવારના રોજ સાંજે ટેમ્પામાં ચોખાનો જથ્થો સગેવગે થઈ રહ્યો હતો ત્યારે ગ્રામજનોએ નજરે ચઢ્યો હતો અને ટેમ્પો ચાલક પરત ગામ તરફ લાવી ચોખાના કટ્ટા મંડળી આગળ ઉતારેલ અને રાત્રીના પંચાયતમાં મુકી દીધેલ જે અંગે ગ્રામજનોએ તાલુકાના અને જિલ્લાના વહીવટીતંત્રને જાણ કરી હતી પરંતુ કોઈ ફરક્યું ન હતું. લોકમુખે ચર્ચાતું હતું કે અહીંથી મોટા પ્રમાણમાં અનાજનો જથ્થો પહેલા પણ સગેવગે થઈ ગયેલો છે. આ અંગે પુરવઠા ખાતાના ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટર જયંતી ચૌહાણ, સપ્લાય ઈન્સ્પેક્ટર આર.એમ. ચાવડા અને વિજયનગર પુરવઠાના શિવુભાઈ ગોતિયાએ જણાવેલ કે શુક્રવારના રોજ સવારે પુરવઠા ખાતાની ટીમ કોડીયાવાડા ગ્રુપ સેવા સહકારી મંડળી સંચાલિત ફેર પ્રાઈઝ શોપમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાનમાં અનાજમાં વધ ઘટ જણાતા ચોખા-૧૦૦૦ કિલો, ઘઉં-૫૦૦ કિલો અને કેરોસીન ૨૮૫ લીટર મળી કુલ રૂ. ૧૪ હજાર ૯૩૯ નો જથ્થો સીઝ કર્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# શિહોરી-દિયોદર માર્ગ પર સ્પીડ બ્રેકર મૂકવા ગ્રામજનોની માગ

કાંકરેજ, તા. ૨૪

કાંકરેજ તાલુકાના આકોલી ગામે શિહોરી-દિયોદર માર્ગની બન્ને બાજુઓ પર શાળાઓ અને શોપીંગ સેન્ટરો આવ્યા છે. અને આ માર્ગ પર વિદ્યાર્થીઓ અને નાના વાહન ચાલકોની ભારે અવરજવર રહે છે તેમ છતાં પણ પોતાની ગતિમર્યાદા ભૂલી ઓવરલોડ રેતી ભરીને ટ્રકચાલકો બેફામ ટ્રક હંકારે છે. જેની સામે સ્થાનિકોએ ઉગ્ર રોષ વ્યક્ત કરી તંત્ર દ્વારા આ માર્ગ પર તાત્કાલિક સ્પીડ બ્રેકર મુકવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કાંકરેજ તાલુકાના આકોલી ગામે શિહોરી દિયોદર માર્ગની બંને તરફ માધ્યમિક, પ્રાથમિક શાળાઓ અને શોપીંગ સેન્ટરો આવેલા છે. જ્યાં દરરોજ વિદ્યાર્થીઓ અને અન્ય સ્થાનિકોની ભારે અવરજવર રહે છે. તો બીજી તરફ આજ માર્ગ પર દિવસ-રાત ઓવરલોડ રેતી, લાકડાં, કપચી ભરી જોખમી ટ્રકો બેફામ દોડે છે. ઘણી વખત તો આ ટ્રકચાલકો પોતાની ગતિમર્યાદા કરતા વધારે સ્પીડમાં ટ્રક હંકારી અકસ્માત સર્જે છે અને કેટલાંય નિર્દોષનો ભોગ લેતા હોય છે. ઉપરાંત બેફામ ટ્રકચાલકો માર્ગ પર પોતાની જીંદગી તો જોખમમાં મુકે છે પરંતુ નિર્દોષની જીંદગી પણ જોખમમાં મુકે છે. જેથી હાલ આ વિસ્તારના સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે માર્ગ અને મકાન વિભાગને આ માર્ગ પર સ્પીડબ્રેકર લગાવવા અને ટ્રકોની ગતિ નિયંત્રણ કરવા ટ્રકોના ચાલકો પર કડક પગલા ભરવા માંગણી કરી છે.

## કંપની સમાચાર

### ફાલ્કન રિયાલ્ટી સર્વિસીસ રજૂ કરે છે ગ્લોબલ ઈકો સિટી પ્રોજેક્ટનાં સુપરબજાર

એનએચ-૮ પર વૈશ્વિક કોર્પોરેટ સમુદાયનાં આગમનને લક્ષમાં રાખીને ફાલ્કન રિયાલ્ટી સર્વિસીસ પ્રા.લિ.એ તેના ગ્લોબલ ઈકો સિટી પ્રોજેક્ટના ભાગરૂપે સુપરબઝાર રજૂ કર્યું છે. કંપની આ માર્કેટ સંકુલનાં બાંધકામ માટે રૂ. પાંચ કરોડનું રોકાણ કરશે.

ટાઉનશીપમાં રહેતા લોકોની જરૂરિયાતોને અનુરૂપ સુપરબઝારમાં જુદી જુદી દુકાનો આવેલી હોય છે. ૨૦૧૩ સુધીમાં સુપરબઝારની આસપાસની ઓક્યુપન્સી ૫૦૦૦ ૨૦૧૪ સુધીમાં વધારાની ૫૦૦૦ જેટલી થવાનો અંદાજ છે.

'સુપર બઝાર'ના ખ્યાલ દ્વારા ફાલ્કન 'રોટી, કપડા, મકાન, હેલ્થ, એન્ટરટેઈનમેન્ટ અને નોલેજ'ને પ્રમોટ કરી રહ્યું છે. સુપરબઝારમાં દુકાનનું કદ ૩૫૦ સ્કવેર ફીટથી ૫૪૦ સ્ક્વેર ફીટ જેટલું છે.

ફાલ્કન રિયાલ્ટી સર્વિસીસ પ્રા.લિ.નાં ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી ભીમ યાદવે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'સુપર બઝારનાં ખ્યાલ દ્વારા અમે ઘરની નજીકમાં જ વિશ્વકક્ષાનાં શોપિંગનો અનુભવ લાવવા માંગીએ છીએ. ગ્લોબલ ઈકો સિટી પ્રોજેક્ટમાં અન્ય સુવિધાઓમાં સ્કુલ્સ, હોસ્પિટલ્સ, શોપિંગ મોલ્સ, મલ્ટીપ્લેક્સ, જીમ્સ, સ્પોર્ટસ સ્ટેડિયમ વગેરેનો સમાવેશ થાય છે.'

### ધોરણ-૧૨ પછી ઈલસાસમાં ઉપલબ્ધ પત્રકારત્વનો ડિગ્રી કોર્સ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટીટ્યુટ ઓફ લેંગ્વેસ સ્ટડીઝ એન્ડ એપ્લાઈડ સોશીયલ સાયન્સીસ (ઈલસાસ)માં ધોરણ-૧૨ પછીનાં પત્રકારત્વ અને સમુહ માધ્યમોમાં કોર્ષ ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૪૮થી શિક્ષણક્ષેત્રે કાર્યરત ચારુતર વિદ્યામંડળ સંચાલિત આ કોલેજમાં છેલ્લા ત્રણ વર્ષથી અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. ગુજરાતની આ એક એવી માત્ર સંસ્થા છે જ્યાં ધોરણ-૧૨ પછીના પત્રકારત્વનાં ડિગ્રી કોર્ષ ઉપલબ્ધ છે.

પ્રવર્તમાન સમયમાં આજે જ્યારે નવતર ટેકનોલોજીનો વ્યાપ વધ્યો છે ત્યારે માહિતી અને મનોરંજનના ક્ષેત્રમાં આ અભ્યાસક્રમોની પણ જરૂરીયાત દિનપ્રતિદિન વધી રહી છે. ભારતમાં જ સંખ્યાબંધ ન્યુઝચેનલો, અખબારો, વેબ-પોર્ટલ્સ તેમજ પબ્લિક રિલેશનક્ષેત્રે કારકિર્દીની ઉજળી તકો ઉભી થી છે. આ તમામ ક્ષેત્રમાં કૌશલ્યબદ્ધ સ્નાતકો મળી રહે તે માટે પત્રકારત્વ અને સમુહ માધ્યમનાં અભ્યાસક્રમ અત્યંત આવશ્યક બન્યાં છે. સમગ્ર રાજ્યમાં જ્યાં ગ્રેજ્યુએટ થયા પછીના પત્રકારત્વનાં અભ્યાસક્રમો ઉપલબ્ધ છે, ત્યારે સ્વાભાવિક જ કોઈ પણ વિદ્યાર્થીને ધોરણ-૧૨ પછીના પ્રારંભિક વર્ષોમાં જ આ વિષયની તાલીમ મળી જાય તે ફાયદાકાક નીવડે તેમ છે.

સંપર્ક સૂત્ર : ડૉ. સન્નિ થોમસ ૯૪૨૭૪૦૩૮૧૦, પ્રા. જિગર શાહ - ૯૬૬૨૦૬૧૪૬૮, ડૉ. સંજય કચોટ - ૯૯૨૫૮૪૭૩૭૪

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ, બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪ ૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES    APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુઝિવ શો-રૂમ
asian TILES WORLD    Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧